વી-૯

તા. ૩૧/૮/૨૦૧૯ - મંગળવાર - ફૂલછાબ

### પાણી સંગ્રહ ક્ષમતા વધારવા વિવિધ સંસ્થાઓનો સહયોગ

# જામનગરના કબીર લહેર તળાવમાં નવા નીરનું પૂજન અને વૃક્ષારોપણ



*તળાવના નવા નીરનું પૂજન.*

જામનગર, તા.૨: ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના નેજા હેઠળ સરકારની સુઝલામ સુફલામ જળ સંચય યોજના અંતર્ગત કબીર લહેર તળાવની સંગ્રહ શક્તિ વધારાયા બાદ આ તળાવમાં આવેલા નવા પાણીનું પૂજન કરાયું હતું અને વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. ફેકટરી ઓનર્સ એસોસીએશન, જીઆઈડીસી પ્લોટ એન્ડ શેડ હોલ્ડર્સ એસોસીએશન, નાઘેડી-લાખાબાવળ, એચ.જે.લાલ (બાબુભાઈ) ચેરીટેબલ ટ્રસ્ટ, સ્વામિનારાયણ સમાજ સેવા ટ્રસ્ટ, બાલા હનુમાન સંકિર્તન મંદિર, નવાનગર કો-ઓપરેટીવ બેંક, ધી કોમર્શિયલ કો-ઓ.બેંક લી., કબીર આશ્રમ તથા અન્ય વિવિધ સંસ્થાઓના સહયોગથી કબીર લહેર તળાવના કાંઠા વધારવાની કામગીરી શરૂ થઈ હતી. આ કામગીરી ચેમ્બરે ખૂબ જ ટૂંકા સમયગાળામાં પૂર્ણ કરી હતી.

તાજેતરમાં સારો વરસાદ થતાં લહેર તળાવ પૂર્ણ સ્વરૂપે ભરાઈ ગયું છે. પાળાની ઊંચાઈ વધારતા પાણીનો વધુ જથ્થો થતાં જામનગર ચેમ્બર દ્વારા પાણીનું પૂજન કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મ્યુનિ.કમિશનર સતિષ એ.પટેલ, રાજેન્દ્ર સરવૈયા, નિવાસી અધિક કલેકટર રાજેન્દ્ર સરવૈયા તથા ઉપસ્થિત આગેવાનો, સંસ્થાકીય હોદેદારોએ ચુંદડી, નારિયેળ, ફૂલ પધરાવી પાણીનું પૂજન કરેલ હતું.

ઉપરાંત વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. બિપેન્દ્રસિંહ સી.જાડેજા, અક્ષત વ્યાસ, કિશોર દવે, નિતેષ કોટેચા, નીતિન કેશવાલા, સોનીલ આર. શાહ હાજર હતા.